# ચિરાગે હિદાયત



## આશૂરા શું છે?

** શા માટે ઈસ્લામે તમામ ઉમ્મતો ઉપર સર્વપરિતા મેળવી?*

હઝરત મુસા(અ.સ.)એ અલ્લાહને સવાલ કર્યો "અય મારા પરવરદિગાર! કેવી રીતે હઝરત મોહમ્મદ(સ.અ.વ.)ની ઉમ્મતે તમામ ઉમ્મતો ઉપર સર્વોપરિતા હાંસિલ કરી?"

અલ્લાહે ફરમાવ્યું "મેં તેઓને ૧૦ સિફતોના કારણે શ્રેષ્ઠતા અતા કરી છે."

હઝરત મુસા(અ.સ.)એ ફરમાવ્યું "તે ૧૦ સિફતો કઈ છે કે જે તેઓ બજાવી લાવશે? જેથી હું પણ બની ઈસ્રાઈલને તેના ઉપર અમલ કરવાનો હુકમ કરૂં."

અલ્લાહ અઝઝ વ જલ્લએ તે સિફતો જણાવી:

૧) નમાઝ, ૨) ઝકાત, ૩) રોઝા,
૪) હજ, ૫) જેહાદ, ૬) જુમ્આ,
૭) જમાઅત, ૮) કુરઆન, ૯) ઈલ્મ,
૧૦) આશૂરા.

હઝરત મુસા(અ.સ.)એ કહ્યું "અય મારા પરવરદિગાર! આશૂરા શું છે?"

અલ્લાહ તઆલાએ બયાન કર્યું :

- હઝરત મુસ્તફા(સ.અ.વ.)ના ફરઝંદ ઉપર ગીર્યા અને
- નૌહા અને
- હઝરત મુસ્તફા(સ.અ.વ.)ના ફરઝંદ ઉપર પડેલી મુસીબતો ઉપર અઝા અને
- રડવું અથવા (કમ સે કમ) રડવા જેવી સુરત બનાવવી અથવા એક બીજાને રડાવવા

“અય મુસા! મારા બંદાઓમાંથી કોઈ બંદો એ ઝમાનામાં રડે અથવા કમ સે કમ રડવાવાળી સુરત બનાવે અથવા એકબીજાને રડાવે અને હઝરત મુસ્તફા(સ.અ.વ.)ના ફરઝંદની શહાદતની તઅઝીય્યત પેશ કરે, તેઓ જન્નતમાં સ્થાન પામશે.”

“અને કોઈ બંદો રસુલુલ્લાહ(સ.અ.વ.)ની દુખ્તરના ફરઝંદની મોહબ્બતમાં પોતાની દૌલતમાંથી ન્યાઝ, વિગેરે માટે ખર્ચે તેનેઃ

- હું આ દુનિયામાં ૭૦ ગણી વધારી દઈશ અને
- હું તેના ગુનાહોને બક્ષી દઈશ અને
- તેને જન્નતમાં દાખલ કરીશ

અને મારી ઈઝઝત અને જલાલની કસમ, કોઈ મર્દ કે ઔરત આશૂરાના દિવસે અથવા બીજા કોઈ દિવસે

આંસુ વહાવે ત્યાં સુધી કે ફકત એક આંસુ કેમ ન હોય. હું તેના માટે ૧૦૦ શહીદોનો સવાબ લખીશ.''

(મુસ્તદરક અલ વસાએલ ભાગ ૧૦ પા. ૩૧૮,
મજમઉલ બહરૈન પા. ૪૦૩.)

આ હદીસ થકી તમામ મુસલમાનોને આ ગમનું મહત્વ તથા ઈસ્લામમાં તેના સ્થાનના બારામાં વધુ સમજણ મળે છે.

તેઓએ દરેક પ્રયત્ન કરવા જોઈએ જેથી આ અઝાદારી જીવંત રહે.

ઓછામાં ઓછું તેઓએ અઝાદારીની મજલીસો અને રસ્મોને અડચણરૂપ નિરર્થક (પાયાવિહોણા) વાંધાઓ અને નબળા બહાનાઓ ન બનાવવા જોઈએ, અગર તેઓને આખેરતમાં નજાત અને જન્નતની ઉમ્મીદ હોય. કારણકે આપણે જોયું કે જન્નત તે લોકો માટે આરક્ષિત છે જેઓ આશૂરામાં તેમજ બીજા મૌકાઓ ઉપર અઝાદારી કરે છે.

## આશુરા જેવો બીજો કોઈ દીવસ નથી

મુફઝઝલ ઈબ્ને ઉમર, ઈમામ સાદિક(અ.સ.)થી અને આપ(અ.સ.) આપના દાદાથી ફરમાવે છે.

એક દિવસ ઈમામ હુસૈન ઈબ્ને અલી(અ.સ.) ઈમામ હસન(અ.સ.)ની મુલાકાત માટે ગયા. જ્યારે ઈમામ હુસૈન(અ.સ.)એ પોતાના ભાઈને જોયા તો આપ રડવા લાગ્યા. ત્યારે ઈમામ હસન(અ.સ.)એ પૂછ્યું ''તમે શા માટે રડો છો, અય અબા અબ્દીલ્લાહ ?''

આપ(અ.સ.)એ ફરમાવ્યું "હું તમારા ઉપર જે ઝુલ્મ કરવામાં આવશે તેના માટે રડી રહ્યો છું."

ઈમામ હુસન(અ.સ.)એ ફરમાવ્યું "જે કાંઈ મુસીબતો મારા ઉપર પડશે તે ઝહેર છે અને હું તેના કારણે શહીદ થઈશ. પરંતુ તમારી મુસીબત જેવો કોઈનો દિવસ નથી. અય અબા અબ્દીલ્લાહ (હુસૈન અ.સ.)! તે દિવસે 30,000 લોકો આપણા નાના(સ.અ.વ.)ની ઉમ્મતમાંથી હોવાનો દાવો કરતા હશે, પોતાને મુસલમાન સમજતા હશે, તમને ઘેરી લેશે અને તમને શહીદ કરશે, તમારૂં ખુન વહાવશે, તમારૂં માન નહિ જાળવે, તમારા બાળકો અને કુટુંબીજનોને કૈદી બનાવશે અને તમારો માલ લૂંટી લેશે."

(અલ આમાલીએ શૈખે સદુક(ર.અ.) (૩૮૧ હિ.સ.), પે.૧૧૫, મજલીસ નં.૨૪)

આવી જ રિવાયત ઈમામ અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબેદીન(અ.સ.)થી પણ નકલ થઈ છે. આ માટે વાંચકો બેહારૂલ અન્વાર, ભાગ. ૪૪, પા. ૨૯૮ અને અલ ખેસાલ, ભા. ૧, પા. ૬૮ નો અભ્યાસ કરી શકે છે.

આ રિવાયતો પરથી સ્પષ્ટ છે કે મુસીબતો અને તકલીફોના આધારે આશુરાના દિવસની સરખામણી બીજા કોઈ દિવસ સાથે થઈ શકતી નથી.

## * રોઝે આશૂરા :

આશૂરાના દિવસે ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારતે આશૂરા પઢવી. ઈમામના કાતિલો ઉપર સતત લઅનતો કરવી. તેમજ એકબીજાને ઈમામ હુસૈન(અ.સ.)ની મુસીબત ઉપર આ શબ્દોમાં પૂરસો આપેઃ

અઅ્ઝમલ્લાહો ઓજૂરના બે મોસાબેના બિલ હુસયને અલયહિસ સલામો વ જઅલના વ ઈય્યાકુમ મિનત તાલેબીન બે સારેહી મઅ વલીય્યેહિલ ઈમામિલ મહદીય્યે મિન આલે મોહમ્મદિન અલયહેમુસ સલામ.

“ઈમામે હુસૈન(અ.સ.)ની શહાદતના કારણે આપણા વ્યથીત થવા ઉપર અલ્લાહ આપણા અજ્રમાં વધારો કરે, અલ્લાહ અમોને અને તમોને આલે મોહમ્મદ(અ.મુ.સ.)માંથી તેમના વલી હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ની સાથે આપ(અ.સ.)ના ખૂનનો બદલો લેનારા લોકોમાં આપણો શુમાર કરે.”

(આમાલે માહે મોહર્રમ, પેજ.૧૯)

**અલ્લાહુમ્મ લઅન કતલતલ હુસૈન(અ.સ.)**
**વ અવલાદિલ હુસૈન(અ.સ.) વ અસ્હાબિલ હુસૈન(અ.સ.)**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com